(35)

# મોટર વાહન વેરો તથા ફી બેન્કો મારફતે ભરવા બાબત.

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.૬,૨/૩ માળ,
ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક: હિસાબી-બેન્કભરણુ- ૪૬૨
તારીખ ૬ -૫ -૨૦૧૦.

-: પ રિ પ ત્ર :-

**આમુખ:-**

૧. બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અંગ્રેજી ઠરાવ ક્રમાંક નં. એમવીડી-૧૦૨૦૦૭-૬૧૪-ખ તા. ૩૦-૪-૨૦૧૦.

૨. બંદરો અને વાહન વ્યવહાર વિભાગના ગુજરાતી ઠરાવ ક્રમાંક નં. એમવીડી-૧૦૨૦૦૭-૬૧૪-ખ તા. ૩૦-૪-૨૦૧૦.

મોટર વાહન કાયદા/નિયમો અને મુંબઇ મોટર વાહન વેરા કાયદા/નિયમો હેઠળની કામગીરી માટે લોકોને જુદા જુદા પ્રકારની ફી, વેરા જેવા કે વાહન વેરો, નોંધણી ફી વિગેરે ભરવાના થાય છે. હાલમાં આ વેરા/ ફી પ્રાદેશીક વાહન વ્યવહાર કચેરી અથવા બીજી નિયત કચેરીઓમાં ભરવામાં આવે છે. આના કારણે લોકોને ખાતા સાથેના દરેક નાણાકીય વ્યવહાર માટે કચેરીએ આવવું પડે છે જેમાં નાણા અને સમયનો વ્યય થાય છે. લોકોની અનુકૂળતા માટે અને સરકારના જાહેર નાણા બેન્કો મારફતે લેવાય તે નીતિ અન્વયે રાજ્ય સરકારે મોટર વાહન ખાતા સંબંધિત ભરણા બેન્કો મારફતે લેવાય તેવો નિર્ણય આમુખ-૧માં વંચાણે લીધેલ ઠરાવથી કરેલ છે. આ બાબતમાં અનુસરવાની કાર્યપધ્ધતિ નીચે પ્રમાણે છે.

**સૂચનાઓ:-**

**૧. ભરણાઓ ભરી શકાય તેવી બેન્કો.**

મોટર વાહન ખાતા સંબંધિત ભરણા બેન્કોમાં ભરવાના નિર્ણયના ભાગરૂપે નીચે મુજબની બેન્કોમાં મોટર વાહન વ્યવહાર વિભાગને લગત ભરણાની રકમ જમા કરાવી શકાશે.

૧. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા
૨. બેન્ક ઓફ બરોડા

આ બેન્કોની જે બ્રાંચો ને જીલ્લાઓમાં સરકારી નાણાં મેળવવા અધિકૃત કરેલ હોય તેવી બ્રાંચમાં આવી રકમ જમા કરાવી શકાશે.

**૨. ભરણાઓ ભરવાની પધ્ધતિ.**

(એ) આ વેરા/ ફી ભરતી વખતે જે તે વ્યકિતએ નિયત નમુના મુજબના ચલણમાં ચાર કોપીમાં વિગતો ભરી બેન્કમાં રજુ કરવાના રહેશે. વિગત રજુ કરતી વખતે વ્યકિતએ ભરવાની થતી વિગતો અંગેની માર્ગદર્શક સુચનાઓ આ સાથેના "પરિશિષ્ટ" માં સામેલ છે જે ધ્યાને લેવાની રહેશે.

(બી) આમુખ-૨માં વંચાણે લીધેલ ઠરાવથી નિયત કરેલ ચલણની ચાર નકલ બેન્કમાં રજુ કર્યેથી બેન્ક રોકડ/ ડી.ડી./ ચેક સ્વરૂપે નાણા સ્વીકારી, ચલણની નકલો પર બેંકના સીકકા લગાવી ચલણની પ્રથમ અને બીજી નકલ અરજદાર (વ્યકિત)ને પરત આપશે. જયારે બાકીની બે નકલ (ચલણની અનુક્રમે ત્રીજી અને ચોથી નકલ) તિજોરી કચેરીને સ્ક્રોલ સાથે આપશે. તિજોરી કચેરી ચલણની ચોથી નકલ સંબંધિત કચેરીને મેળવણા માટે મોકલી આપવાની રહેશે.

(સી) અરજદાર પાસેની નકલો પૈકીની ચલણની બીજી નકલ કચેરીમાં રજુ કરવાના થતા ફોર્મ/અરજી સાથે બીડવાની છે.જયારે ચલણની પ્રથમ નકલ વ્યકિતએ પોતાના રેકર્ડ માટે સાચવીને રાખવાની રહેશે. જે વેરો ભર્યાના પુરાવા તરીકે ઉપયોગમાં લેવાની રહેશે.

(ડી) નવા વાહનની નોંધણી સાથે ભરવાની થતી બધી પ્રકારની આનુસાંગિક ફી પણ વેરાના ચલણની સાથે ભરી દેવાની રહેશે. આ બાબતમાં જુદા ચલણ કે રસીદ ધ્વારા વેરો ભરવાનો રહેશે નહી.

(ઇ) વેરા/ ફીના પુરાવા તરીકે ચલણને માન્ય ગણવામાં આવશે.

# પરિશિષ્ટ :

## મોટર વાહન કર અને ફી ના ભરણાં-અધિકૃત બેંકમાં ભરવાના ચલણ અંગેની માર્ગદર્શક સૂચનાઓની વિગતોનું પરિશિષ્ટ.

- આ ચલણથી મોટર વાહન કાયદા અને મુંબઇ મોટર વાહન કર કાયદા હેઠળ જુદાજુદા પ્રકારની ફી/ વેરા અધિકૃત બેંકમાં ભરવાના રહેશે.
- આ વેરા/ફી ભરતી વખતે જે તે વ્યકિતએ નિયત નમૂના મૂજબના ચલણમાં ચાર કોપીમાં વિગતો ભરી બેંકમાં રજુ કરવાના રહેશે.
- અધિકૃત બેંકો વેરા/ફી નાં નાણાં રોકડ/ડી.ડી. અને ચેક સ્વરૂપે ચલણ સાથે સ્વીકારવાના રહેશે. અને બે નકલ જે તે વ્યકિતને પરત આપશે.
- અરજદારે ચલણની પ્રથમ નકલ પોતાના રેકર્ડ માટે સાચવી રાખવાની રહેશે. જયારે ચલણની બીજી નકલ કચેરીમાં રજુ કરવાના થતા ફોર્મ/અરજી સાથે બીડવાની રહેશે.

❖ <u>ચલણ ભરવાની માર્ગદર્શક સૂચનાઓ :-</u>

- અરજદારે જે બેંકમાં વેરા/ફી ભરવા માંગતા હોય તે બેંકનું નામ, શાખાનું સરનામું, સ્થળ અને શાખાનો કોડ ચલણમાં અવશ્ય લખવાનો રહેશે.
- અરજદારનું પુરૂં નામ અને સરનામું લખવાનું રહેશે. (પુરાવા મુજબ)
- વાહન રજીસ્ટ્રેશન ના કિસ્સામાં વાહન નંબર/ચેસીસ નંબર અને નોંધણી બાદ રીકરીંગ વેરા ભરતી વખતે વાહનનો નંબર અવશ્ય લખવાનો રહેશે.
- તિજોરી/બેંક એન્ડોર્સમેન્ટમાં - **Receipt of Rs. ……..** : આંકડામાં અને શબ્દોમાં લખવાના રહેશે.
- તિજોરી/બેંક ધ્વારા ચલણ નંબર અને તારીખ અચૂક લખવાની રહેશે.

## ૩. જુદા જુદા કિસ્સામાં ભરણાની રીત.

(એ) વાહનની નોંધણી વખતે વાહન વેરો , નોંધણી ફી, જો હાઇપોથીકેશન હોય તો તેની ફી ઉપરાંત અન્ય અનુસાંગિક ફી એક સાથે બેંન્કમાં ભરી ચલણની બીજી નકલ વાહનની નોંધણીની અરજી સાથે જે તે વાહન વ્યવહાર કચેરીમાં રજુ કરવાની રહેશે.

(બી ) વાહનની નોંધણી બાદ અલગ અલગ સમયાંતરે ભરવાના થતા રીકરીંગ વેરા (વાર્ષિક/ છ માસીક/ ત્રી માસીક / માસીક ધોરણે ભરવામાં આવતો વેરો) બેંન્કમાં ભરપાઇ કર્યા બાદ ચલણની નકલ જે તે વાહન વ્યવહાર કચેરીએ રજુ કરવાની રહેશે નહી. પરંતુ આ અંગે બેંકમાંથી મળેલ ચલણની નકલના આધારે વેરો ભર્યા અંગેની ખાત્રી પ્રાદેશીક વાહન વ્યવહાર કચેરીએ કરવાની રહેશે. વેરો ઓછો અથવા ન ભરવાના પ્રસંગ ઉભો થાય તો નિયમ મુજબ વેરાની રીકવરીની કામગીરી કરવાની રહેશે.

## ૪. બેન્કો મારફતે ભરણાની કામગીરી થતા વાહન વ્યવહાર કચેરીમાં કરવાની થતી જુદી જુદી કામગીરીમા થતા ફેરફાર.

(એ) જે વાહનોમાં લમસમ વેરો ભરવાનો થાય છે તેવા વાહનો માં નવા વાહનની નોંધણી વખતે ભરવાનો થતો મુંબઇ મોટર વાહન વેરો હવે પછીથી બેન્કમાં જમા કરાવી શકાશે. જેથી લમસમ વેરા ની આકારણી (પ્રીએસેસમેન્ટ)કચેરીએ કરાવવાની રહેશે નહી. પરંતુ અરજદારે લમસમ વેરાની સ્વઆકારણી કરી વેરો ભરવાનો રહેશે. વેરો ભરતી વ્યકિતએ ભરેલ વેરાનું ચલણની બીજી નકલ રજીસ્ટ્રેશન ફોર્મ (નમુના-૨૦)ની સાથે કચેરીમાં રજુ કરવાની રહેશે.

(બી) જે વાહનોમાં રીકરીંગ વેરો ભરવાનો થાય છે, તેવા કિસ્સામાં વ્યકિતએ વાહન હાલની પ્રથા મુજબ કચેરીમાં રજુ કરી તેનો એસેસમેન્ટ કરાવી તે મુજબ વેરો બેન્કમાં ભરવાનો રહેશે.

(સી) વાહનોમાં રીકરીંગ વેરા હવે કચેરીએ ભરવાના રહેતા ન હોઇ કચેરીમાંથી આરસી બુક ઉપર ભરેલ વેરા અંગેના શેરા મેળવવાના રહેતા નથી . જેથી ભરેલ વેરા માટે એન્ડોર્સમેન્ટ કરાવવા માટે આરસી બુક કચેરીએ રજુ કરવાની રહેશે નહી. પરંતુ વાહન માલિકે પોતાના વાહન સાથે ભરેલ વેરાનુ ચલણની પ્રથમ નકલ સાથે રાખવાનું રહેશે જેથી જરૂર પડે ચકાસણી વખતે રજુ કરી શકાય.

## ૫. વિશેષ સુચનાઓ

(એ) વેરો ભરતી વખતે વ્યકિતએ કાયદા મુજબ પુરેપુરો વેરો ભરે છે તેની કાળજી લેવાની રહેશે. ફોર્મની ચકાસણી વખતે કચેરી ધ્વારા વેરાની ગણતરી કરવામાં આવશે. જે કિસ્સાઓમાં ઓછોવેરો ભરેલ જણાશે તો તેમને બાકી વેરો અને ભરવા પાત્ર વ્યાજ/ દંડ ભરવા માટે જણાવવામાં આવશે અને પૂરેપૂરો બાકી વેરો,ભરવાપાત્ર વ્યાજ/ દંડ ભરપાઇ કર્યા પછી જ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેથી વિલંબ નિવારવા માટે વેરાની યોગ્ય ગણતરી કરી તે મુજબ જ વેરો ભરવો હિતાવહ છે.

(બી) ઉપર મુજબની પ્રક્રિયા તા. ૧-૬-૨૦૧૦ થી અમલમાં આવશે. હાલમાં આ પધ્ધતિ ધ્વારા ફકત વાહનવેરો અને તેના સાથે સંકળાયેલ/ આનુસંગિક ફી જ ભરી શકાશે, તેની ખાસ નોંધ લેવી.

આ અંગે કોઇપણ વ્યકિતને પ્રશ્ન હોય તો નજીકની વાહન વ્યવહાર અધિકારીની કચેરીનો સંપર્ક સાધવા માટે વિનંતી છે.

વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજય, ગાંધીનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ,

૧. અંગત મદદનીશશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહારનું કાર્યાલય , રજો માળ, બ્લોક નં.૨, સચિવાલય, ગાંધીનગર- અ.મુ.સશ્રી ને સવિનય જાણ સારૂ.
૨. નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રજો બ્લોક, નવમો માળ, સચિવાલય, ગાંધીનગર- જાણ સારૂ.
૩. તમામ આરટીઓ/એઆરટીઓ/ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રીઓ/ ઇન્ચાર્જશ્રી મોટર વાહન નિરીક્ષકશ્રીની કચેરી -જાણ સારૂ
૪. અખિલ ગુજરાત ટ્રાન્સપોર્ટ એસોસીએશન તથા અમદાવાદ ટ્રાન્સપોર્ટ એસોસીએશન- જાણ સારૂ તથા આપના સભ્યોને માહિતી આપવાની વિનંતી સાથે.
૫. અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક મહામંડળ- જાણ સારૂ તથા આપના સભ્યોને માહિતી આપવાની વિનંતી સાથે.

Akhil Gujarat Truck Transport Association

10-5-2010

Akhil Gujarat Truck Transport Association